::– આંક–૧ લગત હુકમ ::–

૧. હાલના કામે રેકર્ડ તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી.

૨. હાલના કામે રેકર્ડ ધ્યાને લેતા તપાસ એજન્સી ધ્વારા આરોપી વિરૂધ્ધ એફ.આઈ.આર નોંધી તપાસના અંતે આખરી અહેવાલ રજુ રાખેલ. ઉકત આખરી અહેવાલ આધારે અદાલત ધ્વારા ગુનાનુ સંજ્ઞાન લેવામાં આવેલ, વધુમાં હાલનો કેસ ક્રિમિનલ પ્રોસીજર કોડની જોગવાઈઓ મુજબ સમન્સ/સમરી ટ્રાયલથી ચાલવાપાત્ર કેસ છે.

૩. આ ઉપરાંત હાલના કેસની કાર્યવાહી ઘણા લાંબા સમયથી આરોપી વિરૂધ્ધ પ્રોસેસ ની બજવણી સારૂ પડતર રહેલ છે. અદાલત ધ્વારા નિયમિત રીતે આરોપી વિરૂધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરી સબંધિત હકુમત ધરાવતા પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવામાં આવેલ છે તેમ છતા પોલીસ તંત્ર (ફરીયાદપક્ષ) આરોપીને અત્રેની અદાલત સમક્ષ હાજર રાખવામાં સફળ નિવડેલ નથી. અત્રેની અદાલત ધ્વારા આરોપીને પોતાની સમક્ષ હાજર રાખવા તમામ ઉપલબ્ધ કાયદાકીય પગલા લીધેલ છે.

૪. આમ, હાલના કામે અત્રેની અદાલત ધ્વારા ફરીયાદપક્ષને હાલના આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા માટે પુરતી તક આપવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષ આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવી શકેલ નથી કે નજીકના ભવિષ્યમાં આરોપી મળી આવે તેવી કોઈ શકયતા જણાતી નથી.

૫. આમ, હાલના કેસનો પ્રકાર અને સંજોગો ધ્યાને લેતા હાલનો કેસ વધુ સમય અદાલત સમક્ષ પડતર રહેવા દેવામાં આવે તો નાગરીકો અને પક્ષકારોના ઝડપી ન્યાયના અધિકારમાં અંતરાય રૂપ બનવા પામશે તેમ જણાઈ આવે છે.

૬. આમ, ઉકત ચર્ચા કર્યા મુજબ હાલના કેસના નિકાલ અર્થે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ હેઠળ મળેલ સત્તા ઉપયોગ કરવી ન્યાયોચિત જણાય છે. વધુમાં ફરીયાદપક્ષના અધિકારોનુ રક્ષણ થાય

તે પણ ધ્યાને લેવુ જરૂરી જણાતુ હોય આ અંગે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ હેઠળ કેસનો આખરી નિકાલ કરતા સમયે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૦(૫) હેઠળ ફરીયાદપક્ષના આરોપી વિરૂધ્ધ ન્યાયિક કાર્યવાહી કરવાના અધિકારને રક્ષીત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાય છે, જેથી ઉકત તમામ હકીકતો અને કાયદાકીય ચર્ચાને અંતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-:: હુ ક મ ::-

૧. હાલના કેસની આરોપી સામેની કાર્યવાહી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ હેઠળ બંધ કરવાનો  હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે, વિકલ્પે અપીલ સમય વિત્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડ તથા ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈઓ મુજબ મુદ્દામાલનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. હાલના કામે જો કોઈ રોકડ જામીનગીરી જમાં હોય તો તે સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. સદરહુ કેસના કામે ભવિષ્યમાં આરોપી પકડાય અગર તો ફરીયાદપક્ષ દ્વારા તેને રજુ કરવામાં આવે તો સદરહુ કેસની કાર્યવાહી  ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૦(૫) હેઠળ  નવેસરથી શરુ કરવાના ફરીયાદપક્ષ ના હક્કને  આથી અબાદિત રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૨ માહે નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશીયલ સીટીંગ દરમ્યાન જાહેર કરવામાં આવ્યો.

મુ.વાપી.
તા. ૧૨/૧૧/ ૨૦૨૨ .

એમ.બી.બાજપાઈ
એડી.ચીફ. જયુડી.મેજી.
વાપી.